# વડોદરા મહાનગરપાલિકા

## જનસંપર્ક વિભાગ

વડોદરા મહાનગરપાલિકા દ્વારા યોજવામા આવતા સાંસ્કૃતિક કાર્યક્રમો તથા અન્ય વિશેષ કાર્યક્રમોનું આયોજન જનસંપર્ક વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત પત્રકાર પરિષદ, દેશ-વિદેશના મહેમાનો સાથેની મુલાકાત તથા સરભરા અંગે વ્યવસ્થા કરવામાં આવે છે. મહાનગર પાલિકાના તમામ ખાતાઓની જાહેરાત દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ માટે મોકલાવવી, સ્થાનિક સાર્વજનિક સંસ્થાઓ અખાડાઓને આર્થિક સહાય, મહાનગરપાલિકાની ડાયરીનું પ્રકાશન, મહાનગરપાલિકાને લગતી જરૂરી માહિતી અખબારી યાદી, વ્યાખ્યાનમાળાઓ તથા નવરાત્રિ મહોત્સવ અંતર્ગત ગરબા સ્પર્ધા તેમજ ત્રિઅંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

-----------------------------------------------------------